**SAURASHTRA UNIVERSITY**
**P. G. T. R. Section**
University Campus, University Road, Rajkot – 360005, Phone No.: (0281) 2578501 Ext. No. 222, FAX No.: (0281) 2576347, **E-mail Id: pgtr@sauuni.ac.in**

નં.પીજીટીઆર/૭/ ૨૫૦૬૨૨૫ /૨૦૨૫ તા. ૧૭ /૦૬/૨૦૨૫

સુધારા પરિપત્ર:-

**સંદર્ભ:- નં.પીજીટીઆર/૭/૨૫૦૪૭૩૮/૨૦૨૫, તા.૦૨/૦૬/૨૦૨૫**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ/ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની થાય છે, જેમાં નીચે મુજબના મુદાઓને ધ્યાનમાં લેવા વિનંતી છે.

**અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના નીતિ-નિયમો નક્કી કરવામાં આવેલ જે નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૦૧ | વિદ્યાર્થીએ GCASના માધ્યમ દ્વારા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. |
| ૦૨ | ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના અનામત નીતિ અંગે સચિવાલય,ગાંધીનગરના તા.૨૪/૧૦/૨૦૧૬ ના પરિપત્ર તેમજ વખતો-વખતના પરિપત્ર અનુસાર પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. |
| ૦૩ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને ૧૦% અને ગુજરાત રાજ્ય સિવાયની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને ૫% બેઠકો ઉપર પ્રવેશ આપવાનો રહેશે. આ સંખ્યા માટે પ્રવેશ ક્ષમતા (ઈન્ટેક) ધ્યાને લેવાની રહેશે. |
| ૦૪ | અનુસ્નાતક ભવનો/માન્ય અનુસ્નાતક સંસ્થાઓમાં ચાલતા અભ્યાસક્રમોની વિગત, પ્રવેશ જાહેરાત, પ્રવેશ અંગેની સૂચનાઓ સહિતની તમામ માહિતી નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે. પ્રવેશ લાયકાત, ફી અંગેની વિગત તેમજ સીટની સંખ્યા GCASના પોર્ટલ પર દર્શાવવામાં આવેલ છે. |
| ૦૫ | અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થીની માર્કશીટના છેલ્લા ૨ સેમેસ્ટરના એક્ષટર્નલ થીયરીના માર્કસ ધ્યાને લેવાના રહેશે. |
| ૦૬ | અનુસ્નાતક ભવન/માન્ય અનુસ્નાતક સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનું મેરીટ લીસ્ટ, પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની માહિતી, પ્રતીક્ષા યાદી સહિતની તમામ માહિતી સમયસર નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે. ઉપરાંત પ્રવેશ અંગેની તમામ પ્રક્રિયાનું રોજકામ / મીનીટસની જાળવણી અનુસ્નાતક ભવન/માન્ય અનુસ્નાતક સંસ્થા દ્વારા કરવાની રહેશે અને જયારે જરૂર પડે ત્યારે યુનિવર્સીટીને રજુ કરવાની રહેશે. |
| ૦૭ | સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા GCAS પોર્ટલના માધ્યમથી કરવાની થતી હોય, ત્યારે વિદ્યાર્થી દ્વારા ફોર્મ ભરી વેરીફીકેશન કરાવ્યા બાદ પ્રવેશ આપવાનો થતો હોય ત્યારે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે GCAS ની સૂચનાઓને અનુસરવાનું રહેશે. |
| ૦૮ | અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની એલીજીબીલીટી વૈધાનિક કાઉન્સિલ સિવાયના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જો અન્ય જોગવાઈ થયેલ ન હોય તો પાસીંગ માર્ક્સ સુધી વિદ્યાર્થીઓને પ્રવેશ પાત્ર ગણવાના રહેશે. |
| ૦૯ | 1. પ્રવેશ ક્ષમતા પ્રમાણે મેરીટના આધારે જ પ્રવેશ આપવાનો રહેશે.<br>2. જે વિદ્યાર્થીની માર્કશીટમાં માત્ર CGPA દર્શાવવામાં આવે છે તેવા વિદ્યાર્થીઓએ CGPA નું ટકાવારીમાં રૂપાંતર દર્શાવતું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ગુણપત્રક (પ્રમાણપત્ર) રજુ કરવાનું રહેશે અન્યથા પ્રવેશપત્ર રદ થયેલ ગણાશે. |

**SAURASHTRA UNIVERSITY**
**P. G. T. R. Section**
University Campus, University Road,Rajkot – 360005, Phone No.: (0281) 2578501 Ext. No. 222, FAX No.: (0281) 2576347, **E-mail Id: pgtr@sauuni.ac.in**

3. કેટેગરી વાઈઝ મેરીટ યાદીના આધારે ઇન્ટેક મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
4. નિયત તારીખે ફી નહી ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહી, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સાંભળવામાં આવશે નહિ.
5. પ્રવેશ માટે કોઈ પણ એજન્ટ / મધ્યસ્થી સાથે વિદ્યાર્થીએ નાણાકીય વ્યવહાર કરવાનો રહેશે નહી અન્યથા અરજી ફોર્મ રદ કરવામાં આવશે.
6. **અનામત કક્ષાના વિધાર્થીઓએ જાતિના પ્રમાણપત્રની નકલ સાથે અરજી કરવાની રહેશે (સરકારશ્રીનાં નિયમોનુસારનું પ્રમાણપત્ર)**
   - SEBCના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ નિયત મુદત મુજબ નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવુ ફરજિયાત છે.
   - EWS - આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સર્ટીફીકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે.
   - સૌપ્રથમ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાનાં ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. (ગુણવત્તામાં આવતા OPEN SEBC SC ST EWS)
   - અનામત કેટેગરી SC અને ST ની જગ્યાઓ જયારે ખાલી રહેતી હોય તેવા કીસ્સામાં આ જગ્યાઓ અરસ-પરસ કેટેગરીમાં ટ્રાન્સફર કરી વિધાર્થીને પ્રવેશ આપી શકાશે. ત્યારબાદ પણ જો જગ્યા ખાલી રહે તો સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યા બાદ મેરીટના આધારે ખાલી જગ્યાઓ પર પ્રવેશ આપી શકાશે.
   - જો કોઈપણ કેટેગરીમાં ફાળવવામાં આવેલ સીટની સંખ્યા અપૂર્ણાંકમાં હોય તે સંખ્યા નીચેની પૂર્ણાંક સંખ્યા ગણતરીમાં લેવી (દા.ત. ૧.૫૦ થી ૧.૯૯ હોય તો ૧.૦૦ પૂર્ણાંક ગણતરી કરવાની રહેશે).
   - પ્રવેશ માટે સરકારશ્રીની અનામતની જોગવાઈઓનું તથા પીજીટીઆર વિભાગના પરિપત્ર નં.પીજીટીઆર/૭/૨૫૦૪૧૧૧/૨૦૨૫, તા.૨૭/૦૫/૨૦૨૫નું પાલન કરવાનું રહેશે.
   - **કેટેગરી**

| **કેટેગરી** | **પ્રમાણ** |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૦૭% |
| (બ) અનુસુચિત જનજાતિ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) આર્થિક રીતે નબળા વર્ગ (સુપર ન્યુમરી સીટ) | ૧૦% |
| • દિવ્યાંગ ૦૫%(તમામ કક્ષામાં સમાવિષ્ટ) | ૦૫% |

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March 2013.

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

**SAURASHTRA UNIVERSITY**
**P. G. T. R. Section**
University Campus, University Road,Rajkot – 360005, Phone No.: (0281) 2578501 Ext. No. 222, FAX No.: (0281) 2576347, **E-mail Id: pgtr@sauuni.ac.in**

**7.** અન્ય યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓએ પ્રવેશ મળ્યા બાદ Provisional Eligibility Certificate (P.E.C.) અવશ્ય મેળવવાનું રહેશે અન્યથા તેઓનો પ્રવેશ રદ કરવામાં આવશે.

**8.** એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોય તે જ વિષય સાથે ફરીથી તે અભ્યાસકરી શકશે નહી.

**9.** <u>**અનુદાનિત (Grant-in Aid) બેઠકોમાં**</u>

- યુનિવર્સિટીના કાયમી શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓના સંતાનો માટે એક બેઠક સુપર ન્યુમરી ગણી તે પર પ્રવેશ આપી શકાશે.
- સિંગલ ગર્લ ચાઈલ્ડ માટે એક બેઠક સુપર ન્યુમરી ગણી તે પર પ્રવેશ આપી શકાશે.
- પૂર્વ સૈનિક (Ex-Sarviceman) ના સંતાનો માટે એક બેઠક બેઠક સુપર ન્યુમરી ગણી તે પર પ્રવેશ આપી શકાશે.
- કોવિડ-૧૯ અન્વયે જેને માતા-પિતા ગુમાવ્યા છે તેવા બાળકો માટે સુપર ન્યુમરી સીટ રાખવાની રહેશે. (અત્રેની યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક નં પી.જી.ટી.આર/૭/૨૪૦૪૦/૨૦૨૨, તા.૧૯/૦૪/૨૦૨૨ મુજબ)

**10.** અધૂરી વિગતો વાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

**11.** યુનિવર્સિટીમાં એન્ટી રેગિંગના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. જો કોઈ વિધાર્થી રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે.

**12.** ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટની કલમ ૩૩ (૭) અનુસારનું બાંહેધરીપત્ર પ્રવેશ કન્ફર્મ આપતી સમયે વિદ્યાર્થી પાસેથી મેળવવાનું રહેશે.

**13.** વિધાર્થીઓએ નિયમિત GCAS તેમજ યુનિવર્સિટીની વેબસાઈટ gcas.gujgov.edu.in www.saurashtrauniversity.edu ચકાસવાની રહેશે.

કુલસચિવ

પ્રતિ,

૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ભવનનાં અધ્યક્ષશ્રીઓ

૨) માન્ય અનુસ્નાતક સંસ્થાઓના વડાશ્રીઓ

**નકલ સાદર રવાના :-**

માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

૦૧. પરીક્ષા વિભાગ

૦૨. ઓડીટ વિભાગ

૦3. એકાઉન્ટ વિભાગ

૦4. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે)